BAOU Education for All | NAAC A++ | ॥ चैतन्य ॥ CHAITANYA
ISSN : 2582 2802
A Refereed and Peer - Reviewed International e-Journal of Humanities and Social Sciences
by School of Humanities and Social Sciences
Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad

# જાનપદી પ્રણયકથા : મળેલા જીવ

અઝીઝ ઈબ્રાહીમ છરેચા
પીએચ. ડી. સંશોધનાર્થી, ઉત્તર ગુજરાત યુનિવર્સિટી-પાટણ
મો.7600141892
ઇમેઇલ - azizchhrecha@gmail.com

'મળેલા જીવ' આમ તો કથા છે પ્રણયની, સાહિત્યના સનાતન અને નિત્યનૂતન તત્ત્વની, વિશ્વની ચિરંજીવ ભાવનાની પણ એ આલેખાઈ છે આ ધરતીની માટીના કણકણમાંથી. ભારતીય સંસ્કૃતિ, તેમાં પણ ગુજરાત દર્શન અને તેમાંયે જોગીપરા, કાવડિયાડુંગર અને ઉધડિયા જેવા ગુજરાતનાં ઈડર પ્રદેશના-ગામડાની માટીમાંથી, એ પ્રદેશના માનવીઓમાંથી એમની રોજબરોજની જિંદગીમાંથી આ કથા આકાર લે છે.

પ્રણયનું આલેખન વિશ્વસાહિત્યના અમર સર્જકોથી માંડીને સામાન્ય સર્જક સુધી થતું આવ્યું છે. વાલ્મીકિ, કાલિદાસ કે શેક્સપિયર, ગોવર્ધનરામ, ન્હાનાલાલ, રમણલાલ દેસાઈ કે મુનશી સૌના સર્જનો પ્રણયની મનોરમ્ય ભૂમિકાને વ્યક્ત કરે છે. પન્નાલાલને પણ એ જ વાત કહેવી છે પરંતુ એમની વાર્તાનું બીજારોપણ નથી થયું રાજકુળોમાં, તપોવનમાં, વાલકેશ્વરના બંગલાઓમાં, આત્મલગ્નની ઘેલછામાં, આદર્શની પાછળ ફના થવાની ધૂનમાં કે ભૂતકાલનાં ભભકભર્યા વાતાવરણમાં. અહીં તો પ્રસરી છે ધીંગી ધરતીની સોડમ, માનવ-મનની ભરતી, ઓટ અને મૂંઝવણ. ત્રિગુણાત્મક ભાવની સૃષ્ટિ અને બધામાંથી જન્મ લેતા નિત્યનૂતન પ્રણયની આદર્શ ભાવના. ગોવર્ધનયુગે પણ પ્રણયનું આલેખન કર્યું જ છે. સરસ્વતીચંદ્ર અને કુમુદની પ્રણયભાવના આપણા સાહિત્યનું અમરફળ છે પણ એ પ્રેમ દીવાનખાના અને બંગલા કે પછી શ્રી અને સરસ્વતીની ઓઠે વ્યક્ત થતો હતો. ગાંધીયુગે જીવનનાં મૂલ્યો બદલી નાખ્યાં, જીવનનું દૃષ્ટિબિંદુ બદલાયું, પરિણામે સાહિત્યે પ્રેમને કાનજી અને જીવીમાં વિસ્તાર્યો. સાહિત્ય માનવજીવનમાં રમતું થયું, હવાઈ વાતો બંધ થઈ અને વાસ્તવિકતાએ પ્રવેશ કર્યો.

'મળેલા જીવ' ને આ વિચારધારાનો લાભ મળ્યો. જો કે પન્નાલાલની મૌલિક પ્રતિભા આ સર્જનનો પાયો છે, પણ આ નવલકથાને ગુજરાતે સહર્ષ વધાવી અને સિંહાસને સ્થાપી એનું કારણ તો છે; ગાંધી યુગે જન્માવેલી વિચારધારા.

'મળેલા જીવ'ની કથા તરફ એક દૃષ્ટિ નાખી લઈએ. 'કાવડિયા ડુંગરાની નાળમાં જન્માષ્ટમીનો મેળો ભરાયો હતો' એ પંક્તિથી કથાનો આરંભ થાય છે. મેળો એટલે જ રસ- લહાણ માણવાનું સ્થાન, તેમાંય ખાસ કરીને ગામડાના જીવનમાં તે મેળાનું ખૂબ જ મહત્ત્વ હોય છે. વર્ષાઋતુને લીધે ક્યાંય ન જઈ શકેલો શ્રમજીવી વર્ગ મોકળે મને મેળામાં મ્હાલતો હોય છે. આવા મેળામાં યુવાન-વર્ગ મળે ત્યારે તે વાત જ શી. લેખક કહે છે તેમ, "યુવાની વસ્તુ જ ઘેલી છે અને એમાંય આ તો મેળે આવેલી." આ મેળામાં પાછું ચગડોળ, પછી તો યુવાન વર્ગ હાથમાં જ શેનો રહે ?

આખા મેળાની મેદાનીમાં 'ચાર યુવતીઓ અને પાંચ ટોળીનો રોફ કાંઈ જુદો જ હતો.' આ ટોળીમાં જ આપણી કથાના નાયક-નાયિકા છે. લેખક કેવી આબાદ રીતે કથાવસ્તુ તરફ આપણને ખબર પણ ન પડે તે રીતે લઈ જાય છે. કાનજી અને જીવીનું પ્રથમ મિલન થયું આ મેળાના ચગડોળમાં! પ્રથમ- દ્રષ્ટિએ પ્રેમની આ નવલકથાનું બીજ અહીં નખાયું. બંને આકર્ષાયા એકબીજાના બાહ્યિક દેખાવે. મોજીલો, રંગીલો, હસમુખો, 'પાંચ હાથનો તડો', પાવો વગાડતો સૂરીલો નવજવાન કાનજી, જીવીની આંખમાં વસી ગયો તે વળી 'સાગના સોટા જેવી, તંદુરસ્ત સુરખીવાળી, અણિયાળી આંખવાળી અને મોર ટાંકવા જેવા રૂપવાળી' જીવી કાનજીના હૈયામાં ઘર કરી ગઈ!

પ્રથમ પરિચય પ્રણયમાં પરિણમ્યો પરંતુ એ પરિણયમાં ન જઈ શક્યો, કારણ સમાજની વિષમતા. જોગીપરાની જીવી, ઉધડિયાના કાનજી સાથે પરણી ન શકે કારણ જીવી ઘાંયજણ અને કાનજી કણબી-ખેડૂત. અહીંથી કાનજીનું મંથન શરૂ થાય છે. આમ તે ભલભલાને ભૂ પીવડાવે તેવો છે પણ આવી એક હૈયાની વાતે કાનજીને મૂંઝવી દીધો. એક બાજુ અપંગ ભાઈ પ્રત્યેનું કર્તવ્ય અને બીજી તરફ જીવી પ્રત્યેનો પ્રેમ. સમાજને તો કદાચ ઘોળીને પી જાય એવો એ નરવીર છે. પણ પેલી કર્તવ્યભાવના હૃદય સાથે સંબંધ રાખે છે. કાનજીના હૃદયમાં દ્વિધા જન્મે છે. બુદ્ધિ અને હૃદયની દ્વિધા હોત તો કાનજી બુદ્ધિને શિકસ્ત આપત પણ અહીં તો પન્નાલાલે નિરૂપી છે હૈયાની દ્વિધા. હૃદયમાં જીવી પ્રત્યેનો પ્રેમ પણ છે તો કર્તવ્યભાવના પણ છે. 'શ્રેય અને પ્રેયની વચ્ચે હૈયું ઝૂલતું હતું.' જેવી સ્થિતિ કાનજી અનુભવે છે. અહીંથી આ કથા કરુણરસ આરંભે છે. શૃંગારથી આરંભાયેલી આ કથા કેવી કરુણરસમાં સરી પડે છે ! મુંઝાયેલો માનવી 'એક પંથ દો કાજ'ની વાત સ્વીકારે, એ સાવ સ્વાભાવિક છે. ભલે પછી એ માનવ-મનની નબળાઈ હોય, અને પન્નાલાલ અહીં 'માનવીનું મન' જ ઉઘાડું પાડવા માગે છે ને?

ધૂળા સાથે જીવીને પરણાવવામાં 'જીવી મારી નજર આગળ તો રહેશે' એ સ્થૂળ-ભાવના જ કામ કરી જાય છે. પોતાની નજર આગળ જીવી રહે માટે જીવીના જીવનને કરુણ બનાવવું એ કાનજી માટે કેટલે અંશે ન્યાયી ગણાય તે વિચારવા જેવું ખરું ? 'કુમુદ મને પરણીને સુખી નહિ થાય' એમ માની એને છોડી દેનાર સરસ્વતીચંદ્ર, કુમુદની કરુણતા માટે કેટલે અંશે જવાબદાર ગણાય કે પછી અતિથિ સત્કારના અણજાણી ભૂલ કરનાર શકુંતલા, દુષ્યન્તને વિરહાગ્નિમાં બાળવા માટે કેટલે અંશે જવાબદાર-આ બધા પ્રશ્નો વિચારણીય છે. છતાં એક વાત સાચી છે કે દુષ્યન્ત, સરસ્વતીચંદ્ર કે કાનજી બધાં જ આકર્ષાયા સ્થૂળ રૂપથી જ.'अहो मधुरम् आसां दर्शनम् ।' કહેનાર દુષ્યન્ત કે પછી પરણ્યા પહેલાં ખૂબ મોટો ખર્ચ કરવાની ઘેલછાવાળો સરસ્વતીચંદ્ર કે આપણો આ કાનજી-બધાના પ્રણયના મૂળમાં છે સ્થૂળતા અને તેથી જ એમને કસોટીમાંથી પાર થવું પડયું છે.

ધૂળા સાથે જીવીને પરણાવ્યા પછી કાનજીનો આદર્શ બની રહે છે, ભગતનું પેલું વાક્ય 'લાવ્યો છે તો પછી લાવ્યાપણું રાખજે.' શેક્સપિયરના 'રોમિયો જુલિયટ' ના ફ્રૂયર લોરેન્સ સાથે કે પછી ગ્રીક નાટકોના 'કોરસ' સાથે સરખાવી શકાય તેવું પાત્ર આ ભગતનું છે. ભગત દ્વારા પન્નાલાલનો આદર્શ બોલે છે, સર્જકની આંતરવૃત્તિ સાદ પાડે છે અને કલાકારની પ્રણય ભાવનાની સચ્ચાઈનો રણકે પડે છે. વહેમી ધૂળા અને કાનજી દ્વારા વધસ્થંભ તરફ દોરાયેલા પશુ જેવાં જીવીના જીવનમાં સુખની કલ્પના તો શી રીતે કરાય? અને થયું પણ તેવું જ. કપટતા અને લુચ્ચાઈની સાક્ષાત મૂર્તિ જેવો રેશમો ધૂળાનો સાથી બને છે. જીવીના જીવનની કરુણતા હદ વાળે છે. ધૂળાનો અસહ્ય માર એના માટે નિત્યનો વિષય બને છે. સાસુનાં મહેણાં, સમાજની નિંદા, ધૂળાનો ભાર અને કાનજીની બેદરકારી આ બધું જ સહનશીલતાની પ્રતિમા બની જીવી સહન કરતી જાય છે. છતાં કાનજી પ્રત્યેનો એનો પ્રેમ ઘટતો નથી. કાનજીની લાચાર દશા જોઈ એ બોલી પણ ઊઠે છે. 'ક્યાં પેલું ભરવાડી વાછરડા જેવું મહે! અને ક્યાં આ ગરીબ ગાય જેવું !' દેવોની સામે થતાં કાનજીને એ છડેચોક બાવડું પકડી રોકે છે. રેશમાના પ્રસંગમાં કાનજીના હિત માટે તે બાધા રાખે છે. અને કાનજી શહેર જવાનો છે જાણીને ધૂળાથી છાની એને મળે છે પણ એની સાથે નાસી જવાની ઉદ્ધતાઈ કરતી નથી.

કાનજીના ગયા પછી જીવીની દુર્દશાની સીમા આવે છે! ત્રાસ અસહ્ય બનતા માનવી મૃત્યુનું શરણ શોધે છે. પિતાને માટે ઘડી રાખેલો ઝેરનો રોટલો દુર્ભાગ્યે ધૂળો ખાય છે અને ધૂળાને ઝેર આપવાનું કલંક તેને માથે ચોંટે છે. વિધિની પણ કેવી લીલા છે! જીવીને મરવું છે પણ મોત નથી, ધૂળાને જીવવું છે, જીવીને સીધી દોર કરવી છે પણ કર્યાનું ફળ ભોગવવું પડે છે ! કવિ-ન્યાયનું ઔચિત્ય અહીં કેવું સરસ રીતે જળવાયું છે !

ધૂળાને આ પ્રકારના મૃત્યુથી જીવી વધારે અસ્વસ્થ બને છે. કાનજીની ગેરહાજરી એમાં મહત્ત્વનો ભાગ ભજવતી હોય એ સમજી શકાય તેમ છે અને બરાબર આવે જ ટાણે કાનજીને ગેરહાજર રાખવામાં લેખકે તાક્યું તીર માર્યું છે. કથાના કરુણરસને મૂશળધારે વરસાવવામાં પન્નાલાલ સફળ થયા છે. નવલકથાનો કરુણરસ સમગ્ર વસ્તુને ઔચિત્ય બક્ષે છે. પતિના મૃત્યુનું કલંક, સમાજની આકરી નિંદા, લોક-પ્રહારો, કાનજીની ગેરહાજરી, એની વિરહ-વેદના, એ બધાં જ ઝેર જીવી પીતી રહી ફક્ત- એક જ આશાએ, એને કાનજીને કહેવું હતું 'મીં ઝેર નથી દીધું હો !' ગામલોક ભલે એને ભૂંડી કહે, કુલટા કહે, ધણીને ભરખી જનારી કહે પણ એનો કાનજી તો નહિ જ કહે એવી ઊંડી ઊંડી શ્રદ્ધાના બળે જીવી જીવી રહી હતી પરંતુ જીવીની વ્યથા ન જોઈ શકવાથી શહેરમાં ગયેલો કાનજી, ત્યાંથી નાના સાથે જીવી માટે બંગડીઓ મોકલનાર કાનજી, જ્યારે ગામમાં આવી જાણે છે કે જીવીએ ધૂળાને ઝેર આપ્યું છે ત્યારે તેના ઉપર તેને તિરસ્કાર છૂટે છે. તેને મળ્યા વગર તે પાછો ચાલ્યો જાય છે અને જીવીને જ્યારે આની ખબર પડે છે ત્યારે આ વજ્રપાત તેને માટે અસહ્ય બને છે, આખરી બને છે. હૈયાનો આઘાત બુદ્ધિને ભ્રમિત કરે છે. હૈયું તો ક્યારનું ભ્રમણે ચડયું હતું, અને જીવી ચિત્તભ્રમ બને છે ગાંડી બને છે. આખી નવલકથામાં કારુણ્યની ચરમસીમા અહીં આવે છે. પાછા શહેર તરફ જતા કાનજીને ભગત નદીકિનારે મળે છે અને બધી સાચી વાત કહી દે છે. "આમાં કોઈનેય વાંક નથી. કાનજી, પેલી છોડી બિચારી નાહકની નિંદાય છે પણ એનો ઉપાય શો? ગોળીને મોઢે ગરણું મંડાય પણ કૂવાને મોઢે ઓછું મંડાય છે!' સાચી વાત જાણ્યા પછી કાનજીને ભગત પર વધારે ચીઢ ચઢે છે. એ બોલી ઊઠે છે. 'ભલા માણસ તો મને પે'લેથી કેવું હતું ને?' એને પાછા ફરીને જીવીને મળીને પોતાની સાથે તેડી જવાની ઇચ્છા થઈ પણ તેણે તેમ ન કર્યું.

જીવીને જ્યારે આ વાતની ખબર પડે છે ત્યારે આ વજ્રપાત તેને માટે અસહ્ય બને છે. 'જોર જોરથી ધબકી રહેલું કાળજું એનું એ જ પૂછી રહ્યું હતું.' 'મને મળ્યાય નહિ'નો આઘાત એને ભ્રમિત કરે છે. હૈયું તો 'પરને સોંપી' ત્યારથી જ ભ્રમણે ચડયું હતું! જીવી ચિત્તભ્રમ બની, ગાંડી બની, 'એ તો હવે નિજાનંદ દશામાં જ જઈ પહોંચી હતી.'

ગાંડી જીવીનું આલેખન માનવ-સ્વભાવની વાસ્તવિક બાજુ રજૂ કરે છે. ભૂતડી, ગાંડી જેવા ટીખળી શબ્દોથી સંબોધાતી જીવી પોતે કદીક બોલતી 'મારો ધણી પરદેશ કમાવા ગયો છે', તો વળી 'મેલોને એ કાળમુખાનું નામ ? મારો પીટયો મનેય ભેગો ન થયો !' વગેરે કરુણ ચિત્ર જોઈને ભગતની જેમ ભાવક પણ નિઃશ્વાસ અનુભવે.

કાવડિયા ડુંગરના જન્માષ્ટમીના મેળામાંથી આકાર લીધેલી કથાનો અંત આવે છે, પંદર માસ પછી કાર્તકી પૂર્ણિમાના દેવ બાવાજીના મેળામાં. સમગ્ર નવલકથામાં મેળો અને ચગડોળ ખૂબ સૂચક

બની રહે છે. પ્રથમ મેળાએ જ આ બે પ્રેમીઓનો મેળ જમાવ્યો પણ પ્રેમી પંખીડાનો માળો પિંખાણો. સમાજની વિષમતાએ એમને જીવનમેળાની રસલ્હાણ લેવા દીધી નહિ. ચગડોળમાં સાથે રમણે ચડેલા બે પ્રેમીઓ, જીવન-ચગડોળમાં રમણ આચરી શક્યા નહિ.

"નાગધરામાં નાહ્યાથી આ ગાંડા વીર તો પોક પાડીને નાસી જાય." એવું નાનાનું સૂચન ગામના યુવકો વધાવી લે છે અને જીવીને 'બાવજીને પારે'લાવવામાં આવી. અહીં પણ મેળાની એવી જ લહેરો, એ જ ચગડોળ, એ જ માનવીઓ અને એ જ રસિકતા છતાં આ બીજા મેળામાં નવલકથાના પેલા પંખીડાં જાણે કહી રહ્યાં હતા—'મારી ધરતીને કે જો રે સલામ અમે તો પંખીડાં ઊડા આભના જી.' નાગધરાના વર્ણને ગામડાની માન્યતાઓને સજીવ કરી છે. નાનાએ આખી રાત મોટરોના અવાજ સાંભળવામાં ગાળી અને પૂનમની સવારે જ્યારે જીવીને બળજબરીથી નાગધરામાં ઉતારવા પ્રયત્ન થતો હતો ત્યાં કાનજી આવી પહોંચે છે. 'બિચારીએ જીવતરથી નાહી નાખ્યું છે' અને જીવતરથી નાહી નાખેલું જીવન કાનજી પોતાની સાથે લઈ જાય છે. સ્થૂળ ભૂમિકાથી શરૂ થયેલો પ્રણય અહીં સૂક્ષ્મ ભૂમિકાએ પહોંચે છે. આ દ્રશ્ય જોઈ ભગત બોલી ઉઠે છે. 'વાહ રે માનવી તારું હૈયું ! એક પા લોહીના કોગળા તો બીજી પા વળી પ્રીતના ઘૂંટડા !'

સમસ્ત નવલકથા માનવીના મનનો તાગ લે છે. ભલાં, ભોળાં, પવિત્ર અને દયાળુ માનવીઓ જ ગામડામાં નથી પણ ત્યાં વહેમી ધૂળો, કપટી-રેશ્મો, લુચ્ચા અને અન્યાયી સરકારી અધિકારીઓ પણ છે; તે સાથે સાથે કાનજીનો આદર્શપ્રેમ, ભગતની સાત્વિકતા ,હીરાની મૈત્રી અને જીવીની ત્યાગભાવના પણ અહીં રજૂ થઈ છે.

સમો અને વખત, વેળુ તેમજ ભોજાની અવાંતરકથાઓ; ગ્રામજીવનના પ્રસંગો અને માનવોને વાસ્તવિક રીતે રજૂ કરતાં શબ્દ-ચિત્રો, પાત્ર અને પ્રદેશને ઉચિત તેવી શૈલી, વાતાવરણ, રચનાકૌશલ્ય, રસપ્રવાહ અને શીર્ષક વગેરેથી આપણા નવલકથા સાહિત્યમાં 'મળેલા જીવ' પોતાનું આગવું સ્થાન ધરાવે છે.  સુંદરમ્ કહે છે તેમ 'આ કથા જેવી છે તેવી પણ હિંદના કોઈ પણ સાહિત્યમાં અને થોડા સંકોચ સાથે દુનિયાના સાહિત્યમાં પણ ગુજરાતી કળાનું પ્રતિનિધિત્વ ઘટાવી શકે તેવી બની છે.' Wells કહે છે તેમ ' A novelist should present character, not vivisect them.' અહીં પણ પાત્રો રજૂ થયા છે, એનું વિવરણ નથી થયું. કલા અને શાસ્ત્રમાં તફાવત પણ એ જ છે ને ? બધાં જ પાત્રો નવલકથામાં ઓતપ્રોત  થયાં છે. ફક્ત ભગતનું જ પાત્ર સમગ્ર નવલકથાના વણાટથી ઉપર રહી, વાતાવરણને મંગળતાનો ઓપ ચઢાવે છે. ભગત કથામાં પ્રત્યક્ષ ભાગ નથી લેતા પણ 'કોરસ'ની જેમ કથાના પ્રવાહ પર વિવરણ કરતા જાય છે અને પોતાની પકડ જમાવતા જાય છે. જો કે લોરેન્સ 'રોમીયો અને જુલીયટ'માં પ્રત્યક્ષ ભાગ ભજવે છે, બંનેને એક કરવાની યોજના ઘડે છે. અહીં તેવું નથી

પણ એથી ભગતનું પાત્ર નવલકથાથી વિખૂટું પડતું નથી. સર્જકની એ જ ખૂબી છે. અલબત્ત કથાપ્રવાહ જ્યાં જ્યાં શિથિલ બને છે ત્યાં પાત્રાલેખન નબળું પડતું જણાય છે, પણ વાચક રસપ્રવાહમાં એવા તણાયે જાય છે, એની જિજ્ઞાસાવૃત્તિ એવી ઉત્તેજિત બને છે કે એ ખામી ઢંકાઈ જાય છે.

'મળેલા જીવ' ની ભાષા અંગે તો મેઘાણી કહે છે તે યથાર્થ છે, કે 'સાહિત્ય કલાનો ઇજારો શહેરી ભાષાને મળેલો હોવાને ભ્રમ ભેદાયો છે. ગુજરાતી ભાષાની આપણે નક્કી કરેલી વિશુદ્ધિને ભોગે પણ તળપદાં બળો પોતાની ધરતીની જ જબાનમાં બહાર આવે તે ઉપકારક અને આવશ્યક લાગ્યું છે.' આમ પાત્ર, પ્રસંગે અને વાતાવરણને ઉચિત એવી ભાષા આ નવલકથાનું આગવું લક્ષણ બની રહે છે. અહીંના પાત્રોની ખુમારી, નબળાઈ, સ્વાર્થ, પરમાર્થ, ધાર્મિકતા, સામાજિક વિષમતા, પ્રણયભાવના, પોતાની જ તળપદી વાણી, એના પોતાનાં જ પ્રયોગો અને અલંકારો દ્વારા રજૂ થયું છે અને એમાં જ એનું મહત્વ પણ રહ્યું છે. એથી જ મેઘાણીએ કહ્યું છે કે "કાનજી અને જીવીના પ્રણયાલેખનની બીજી કોઈ વાણી હોઈ શકે નહિ. બીજા કોઈ છટાદાર પ્રયોગોથી આ પ્રેમની પટોળાભાત ઊઠે નહિ."

કાનજી અને જીવીના પ્રણયાલેખન દ્વારા લેખકે નવલકથામાં આદર્શ પ્રણયની હવાઈ વાતો નથી કરી પણ મૂંઝવણ, મથામણ, માનવ સહજ નબળાઈ, એમાંથી માર્ગ કાઢવાના પ્રયત્નો વગેરેને રજૂ કરી ચિત્તના સંઘર્ષ દ્વારા પ્રણયની વિશુદ્ધ ભાવના ગાઈ છે.

દૈહિક આકર્ષણથી જન્મેલો પ્રેમ અંતે કસોટીની અગ્નિપરીક્ષામાંથી- પુનિત બની મંગળ સ્વરૂપ ધારણ કરે છે. રૂપાળી જીવીને પોતાની ન કરી શકનાર નિર્બળ મનનો કાનજી, ગાંડી જીવીને અપનાવનાર પ્રણયવીર બને છે. હવે નથી રહ્યું આકર્ષણ પેલા રૂપનું કે પેલી યુવાનીનું. હવે તો એના આત્માએ જીવીના આત્માને ઓળખ્યો છે ને એથી જ જ્યારે ભગત એને કહે છે કે 'એને હવે આ દશામા લઈ જઈનેય  શું સુખ?'

અને ત્યારે કાનજીનો આત્મા પોકારી ઊઠે છે- સુખની હવે વાત જ જવા દો પણ તોય એટલું તો ખરું ભગત કે એને આમ જ્યાં ત્યાં ટૂકડા વેણી ખાતી જોવા કરતાં તો એ મારી પાસે હશે તો મને વધારે નિરાંત વળશે' અને એટલે જ તો ભગતની સાથે આપણે પણ સહમત થઈને કહી દઈએ 'જીવ મળી ગયા પછી એમાં બીજું થાયે શું?'

આમ આ 'મળેલા જીવ' કાનજી અને જીવીના મળેલા જીવની કરુણરસપ્રધાન નવલકથા પૂર્ણ થાય છે ત્યારે હૈયાના હુડા- ગાનાર કાનજીના જ એક દોહરાની પંક્તિઓને યાદ કરી કહીયે કે—

‘ભૂલી જવાશે કો અભાગિયાં,

ને ભૂલી જવાશે પ્રીતની રીત ,

નહિ રે ભુલાય એક આટલું;

કોક દન કરી’તી પ્રીત’

સંદર્ભગ્રંથ:


૧) મળેલા જીવ: પટેલ પન્નાલાલ,સંજીવની પ્રકાશન,૨૦૨૨

૨) અનુષંગ: જયંત કોઠારી, ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય,૧૯૭૮

૩) પરિતોષ : બકુલ રાવળ, નવભારત સાહિત્ય મંદિર,૧૯૭૭